# આત્મનિર્ભર હણોલ મહોત્સવમાં રાજ્યપાલ, કેન્દ્રિય મંત્રી, ખેલાડીઓ સહિત ખ્યાતનામ હસ્તીઓ જોડાશે

## આવતીકાલથી ત્રણ દિવસ હણોલ વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કાર્યક્રમોની હારમાળા સર્જાશે

ભાવનગર તા.૧૨

પાલિતાણા તાલુકાના હણોલ ગામે તા. ૧૩મી જાન્યુઆરીથી ૧૫મી જાન્યુઆરી દરમિયાન યોજાનાર ત્રણ દિવસીય 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ-૨૦૨૬' ગ્રામિણ વિકાસ, સ્વાવલંબન અને જનસહભાગિતાનો અનોખો ઉત્સવ બનવા જઈ રહ્યો છે. આ મહોત્સવમાં દેશ અને રાજ્યના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહી વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

મહોત્સવના વિવિધ દિવસોમાં કૃષિ, ગ્રામિણ વિકાસ, રોજગાર, યુવા શક્તિ, રમતગમત, ટેકનોલોજી અને સંસ્કૃતિ સંબંધિત કાર્યક્રમો, પરિસંવાદો, પ્રદર્શનો તથા લોકાર્પણો યોજાશે. ગ્રામિણ ભારતને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે આ મહોત્સવ એક પ્રેરક મંચ પૂરું પાડશે.

મહોત્સવના પ્રથમ દિવસે ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામિણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ, શ્રમ અને રોજગાર, રમતગમત તથા યુવા બાબતોના કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ ખેલાડી અને ઈન્ડિયન ઓલિમ્પિક એસો.ના પ્રેસિડન્ટ પી. ટી. ઉષા, તેમજ ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યના શ્રમ અને રોજગાર મંત્ર કુંવરજીભાઈ બાવળિયા સહિતની ઉપસ્થિતિમાં મહોત્સવનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવશે.

આત્મનિર્ભરતા અને જનસહભાગિતાનો મહોત્સવ 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ' દ્વારા ખેડૂત ભાઈઓ, યુવાનો, મહિલા સ્વસહાય જૂથો, કારીગરો અને ગ્રામ ઉદ્યોગકારોને નવી દિશા અને પ્રેરણા મળશે. પ્રાકૃતિક ખેતી, સ્થાનિક ઉત્પાદન, સ્વચ્છતા, આરોગ્ય અને ટેકનોલોજી જેવા વિષયો પર આ મહોત્સવ ગ્રામિણ વિકાસ માટે માર્ગદર્શક સાબિત થશે

આયોજકો દ્વારા હણોલ તથા આસપાસના ગામોના નાગરિકો, ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને તમામ જનતાને આ ત્રણ દિવસીય ઐતિહાસિક મહોત્સવમાં મોટી સંખ્યામાં જોડાવા માટે ભાવપૂર્વક આમંત્રણ આપવામાં આવ્યું છે.

### શ્રીધર વેમ્બુ, ક્રિકેટર કપિલ દેવ, અરુણ ગોવિલ સહિતના પ્રતિષ્ઠિત મહેમાનો આવશે

મહોત્સવના અન્ય દિવસોમાં ગુજરાતના રાજ્યપાલ સાથે સાથે 'મેડ ઈન ઈન્ડિયા' વિચારધારાના પ્રણેતા અને ઝોહો (ર્ઢર્ઇ) ના સ્થાપક શ્રીધર વેમ્બુ, ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવ, તેમજ રામાયણના સીરીયલના રામના પાત્રથી લોકપ્રિય બનેલા અભિનેતા અને સાંસદ અરુણ ગોવિલ પણ મહોત્સવને ગૌરવ આપશે.

### રાજ્યપાલ ગામમાં રાત્રી રોકાણ કરશે, પ્રભાતફેરી, ગ્રામ સફાઈમાં જોડાશે

મહોત્સવના દરમિયાન ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી હણોલ ગામે રાત્રિ રોકાણ કરશે, જે ગ્રામિણ જીવન સાથે તેમની સીધી જોડાણની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. રાજ્યપાલ દ્વારા પ્રાકૃતિક ખેતી વિષયક પરીસંવાદ યોજવામાં આવશે, જેમાં ખેડૂતોને કુદરતી ખેતીના લાભો, અનુભવ અને માર્ગદર્શન આપવામાં આવશે.આ સાથે રાજ્યપાલ પ્રભાત ફેરીમાં ગ્રામજનો સાથે જોડાશે તેમજ ગ્રામ સફાઈ અભિયાનમાં ભાગ લઈ સ્વચ્છતા અને સામૂહિક જવાબદારીનો સંદેશ આપશે.

# પાલીતાણામાં વિદેશી દારૂ સાથે એક ઝડપાયો, અન્ય બેની શોધખોળ

ભાવનગર,તા.૧૨

પાલીતાણા ટાઉન પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી ?૩૨,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે કુલ ત્રણ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન તેમને બાતમી મળી હતી. બાતમીના આધારે, અદપુર રોડ પર ચૂનાની ભાઠ્ઠી પાસે રહેતા સંજયભાઈ દેવજીભાઈ રાઠોડ પોતાના રહેણાંક મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડીને વેચાણ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે દરોડો પાડી સંજયભાઈ રાઠોડને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૪ બોટલ સાથે ઝડપી પાડ્યો હતો. આ ઘટનામાં પાલીતાણા ટાઉન પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ સંજયભાઈ દેવજીભાઈ રાઠોડ, રાજ કિશોરભાઈ સરવૈયા અને પિયુષભાઈ પ્રદિપભાઈ ગોહિલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસે અન્ય બે આરોપીઓને શોધી કાઢવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# ગારીયાધારમાં ચાઈનીઝ દોરી સાથે એક ઝડપાયો

ભાવનગર,તા.૧૨

ગારીયાધાર પોલીસે મકરસંક્રાતિ પૂર્વે પ્રતિબંધિત ચાઈનીઝ/નાયલોન દોરી વેચતા એક ઈસમને ઝડપી પાડ્યો હતો.

મકરસંક્રાતિ તહેવારને ધ્યાનમાં રાખીને ભાવનગર શહેર અને જિલ્લામાં પ્રતિબંધિત સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટિક દોરીના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ સામે કડક કાર્યવાહી કરવા સૂચનાઓ અપાઈ હતી. આ સૂચનાઓના અનુસંધાને, નાયબ પોલીસ અધિક્ષક પાલીતાણા મીહીર બારીયાના માર્ગદર્શન હેઠળ અને ગારીયાધાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એમ.કે. માલવીયાના નેતૃત્વમાં ગારીયાધાર પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને મળેલી બાતમીના આધારે, મીઠાકુવા, ગારીયાધાર પાસે જાહેર રોડ પર તપાસ કરતા ભરતભાઈ ચીમનભાઈ ડાભી (રહે. પાંચતલાવડા, તા. લીલીયા, જી. અમરેલી) નામના ઈસમને પ્રતિબંધિત નાયલોન/ચાઈનીઝ દોરીની ૩ રીલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

# ઈંગ્લીશ દારૂની બે બોટલ સાથે સિહોરનો શખ્સ ઝબ્બે

## પાલીતાણા રૂરલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ઝડપી લીધો

ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેર અને જિલ્લામાં દારૂ અને શખ્ત કાર્યવાહી કરવા અપાયેલી સૂચનાથી જિલ્લાભરમાં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે જેમાં પાલીતાણા રૂરલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક શખ્સને ઈંગ્લીશ દારૂની બે બોટલ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે જાણવા મળતી વિગતો પ્રમાણે ભાવનગર જિલ્લાના પાલીતાણા ॠરળનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ધોળીધાળ પાસે પહોંચતા એક ઈસમ શંકાસ્પદ હલાતે નીકળતા તેને અટકાવી પૂછપરછ કરતા રાજગોર શેરી, મોટા ચોક પાસે, સિહોર ખાતે રહેતો વરુણ હર્ષદભાઈ બારૈયા હોવાનું જણાવેલ તેની તલાશી લેતા તેની પાસેથી ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમએલની બે બોટલ કી.રૂ.૧૩૭૨ મળી આવતા પોલીસે કબ્જે કરી આરોપી સામે પ્રોહિબિશન એક્ટ ૬૫-એ-એ, ૧૧૬-બી મુજબ ગુનો નોંધી અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ.

# કરમદીયા ગામે મકાનમાંથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે મહિલા ઝડપાઈ

## બગદાણા પોલીસે દારૂના ૧૧ ચપટા સહીત મુદામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લાના બગદાણા પોલીસ મથકના સ્ટાફએ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે કરમદીયા ગામે રહેણાકીય મકાનમાં દરોડો પાડી ઈંગ્લીશ દારુના જથ્થા સાથે મહિલાને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગર જિલ્લાના બગદાણા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગ હતો ત્યારે કરમદીયા ગામે બસ સ્ટેન્ડ પાસે પહોંચતા ખાનગીરાહે બાતમી મળેલ કે કરમદીયા ગામે રહેતા નરવણભાઈ વેજાભાઇ વાળાની પત્ની નીતાબેન તેના ઘરે ઈંગ્લીશ દારૂ લાવી વેચાણ કરે છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખી પોલીસે દરોડો પાડતા તેના ઘરની આગળના ભાગેથી ઈંગ્લીશ દારૂના ૧૧ ચપટા કી.રૂ.૩૦૨૫નો મુદ્દામાલ મળી આવતા જપ્ત કરી નીતાબેન સામે પ્રોહિબિશન એક્ટ ૬૫-એ-એ, ૧૧૬-બી મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ.

# નાણાંના વ્યાજની પઠાણી ઉઘરાણી કરીને ભરતનગરના યુવકને માર માર્યાની ફરિયાદ

## વ્યાજ ખોરની બીકથી યુવકે પોતાની જાતે ગળા પર બ્લેડ મારી આપઘાતનો કરેલો પ્રયાસ


ભાવનગર, તા.૧૨

શહેરના ભરતનગર વિસ્તારમાં રહેતા યુવકે વ્યાજે લીધેલા ર.૪૦ લાખના વ્યાજની પઠાણી ઉઘરાણી કરી વ્યાજખોર બે ભાઈઓએ મારમારી ધમકી આપતા તેના ડરથી યુવકે પોતાની જાતે ગળા પર બ્લેડ મારી આપઘાત કરવાનો પ્રયાસ કરતા તેને સારવારમાં દાખલ કરાયેલ જ્યાંથી યુવકે વ્યાજખોર બે ભાઈઓ સામે ફરિયાદ નોંધાવતા ભરતનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ભરતનગર શાકમાર્કેટ પાસે વર્ધમાન નગર બ્લોક નંબર ૩૦૮માં રહેતા પરેશ જગદીશભાઈ દાણીએ એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે આજથી ચાર વર્ષ પહેલા તેણે શિક્ષક સોસાયટી, માલધારી સોસાયટી પાસે, ભરતનગર ખાતે રહેતા અજય ભલાભાઈ મેર નામના શખ્સ પાસેથી રૂ.ર.૪૦ લાખ ૧૫% વ્યાજે લીધા હતા અને તેનું દર મહિને વ્યાજ આપતા હતા પરંતુ છેલ્લા થોડા દિવસથી તેની પાસે સગવડ ના હોય વ્યાજ આપતા ના હતા ત્યારે ગત તા. ૫ જાન્યુઆરીના રોજ રાત્રીના સાડાદસ વાગ્યાના સુમારે તેના ફ્લેટની લિફ્ટમાં પોતે ઘરે જતો હતો ત્યારે અજયનો ભાઈ ગોપાલ તેની સાથે લિફ્ટમાં આવેલ અને અને તેના ભાઈના વ્યાજના પૈસા બાબતે બોલાચાલી કરી ગાળો આપી મારમારી, બળજબરીથી ૧ હજાર રૂપિયા લઇ ગયેલ અને છરી બતાવી વ્યાજની પઠાણી ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી આપી નાશી ગયેલ બાદ બંને ભાઈઓની બીકથી પોતે ગત તા.૧૦ના રોજ તેના ઘરે પોતે જાતેથી ગળા ઉપર બ્લેડ મારી દીધી હતી આથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલ જ્યાંથી તેમને બંને ભાઈઓ સામે ફરિયાદ નોંધાવતા ભરતનગર પોલીસે બંને સામે બીએનએસની કલમ ૩૦૮-૫, ૧૧૫-૨, ૩૫૨, ૩૫૧-૩, ૫૪ તથા ગુજરાત નાણાં ધીરધાર બાબત અધિનિયમ ૪૦-૪૨ તથા જીપીએક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં ઉતરાયણ પર્વે પક્ષી બચાવવા માટે યોજાઈ 'રન ફોર બડ્ર્સ' મેરેથોન

## વન વિભાગ ના કર્મચારીઓ જીવદયા પ્રેમીઓ અને નગરજનોએ દોડ લગાવી



ભાવનગર,તા.૧૨

આગામી સમયમાં ઉતરાયણનું પર્વ આવી રહ્યું છે, ત્યારે લોકો ઉતરાયણના પર્વની મજા માણતા હોય છે પરંતુ ઘાતક દોરીના કારણે નિર્દોષ પક્ષીઓ તેનો ભોગ બનતા હોય છે, આવા સંજોગોમાં લોકોમાં જાગૃતતા આવે પક્ષીઓને મહત્તમ બચાવી શકાય તે માટે ભાવનગર વન વિભાગ દ્વારા ?ભાવનગરના વિક્ટોરિયા પાર્ક ખાતે આજે ૧૨ જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે વન વિભાગ દ્વારા 'રન ફોર બડ્ર્સ' મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાવનગર વન વિભાગના મદદનીશ વન સંરક્ષક વિમલકુમાર ભટ્ટે જણાવ્યું કે, ઉતરાયણ પર્વે પતંગની દોરીથી પક્ષીઓને થતી ઈજાઓ નિવારવા અને જનજાગૃતિ લાવવા માટે વિવિધ એનજીઓ અને સ્વયંસેવકોના સહયોગથી આ મેરેથોન યોજાઈ હતી. વન વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે કે પક્ષીઓના રક્ષણ માટે સવારે ૯ વાગ્યા પછી અને સાંજે ૬ વાગ્યા પહેલા જ પતંગ ચગાવવા જોઈએ, તેમજ ચાઈનીઝ દોરી કે તુક્કલનો ઉપયોગ ટાળવો જોઈએ.

# ટ્રકમાંથી કાચ સેરવી લઈ ટ્રાન્સપોર્ટ પેઢીના મહેતાજીએ કરી ર.૨૫ લાખની છેતરપિંડી

## અવાવરું જગ્યાએ ટ્રક લઈ જઈ કાચ સેરવી લેતા ટ્રાન્સપોર્ટરે નોંધાવી ફરિયાદ

ભાવનગર,તા.૧૨

ભાવનગર અને મહેસાણા ખાતે ટ્રાન્સપોર્ટમાં ટ્રક રાખી ચલાવતા ટ્રાન્સપોર્ટરનો એક ટ્રક અમદાવાદના દસક્રોઈથી એક્સેલ ઈન્ડસ્ટ્રીઝમાંથી ટ્રકમાં સીલીકેટ ગ્લાસ કાચ ૩૬.૯૦૦ કિ.ગ્રામ ભરીને ડ્રાઈવર નિકળ્યો હતો. જે બાદ ભાવનગરની નારી ચોકડી પાસે આવેલ મધુસિલીકા કંપનીમાં ખાલી કરવા ગયા હતા જ્યાં ૧૨.૫૦૦ કિ.ગ્રા કાચની ઘટ આવતા ટ્રકના માલિકે તપાસ કરતા તેમની કંપનીમાં રહેલા મહેતાજી (કારકુન) એ ભાવનગરના સીદસર નજીક ૧૨.૫૦૦ કિલોગ્રામ કાચ સેરવી લઈ, ટ્રક માલિક સાથે રૂા. ૨.૨૫ લાખની છેતરપિંડી આચરતા ટ્રક માલિકે કંપનીના મહેતાજી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ભાવનગર શહેરના નારેશ્વર સોસાયટી ચિત્રા ખાતે રહેતા અને ભાવનગર નારી ચોકડી નજીક વાઘેશ્વરી રોડવેઝ નામે ટ્રાન્સપોર્ટ ચલાવતા કિશોરસિંહ અણદુભા વાઘેલાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના મહેસાણાના કડી ખાતે રાજમોતી ટ્રાન્સપોર્ટમાં તેમના ટ્રકો ચાલે છે. જે ટ્રક નં. ય્ત્ન ૧૨ છઢ ૯૫૭૬માં દસક્રોઈમાં આવેલી એક્સેલ ઈન્ડસ્ટ્રીઝમાંથી સીલીકેટ ગ્લાસ કાચ ૩૬.૯૦૦ કિલોગ્રામ ટ્રકમાં ભરવામાં આવ્યો હતો અને ટ્રકમાં નિલેશભાઈ નામના ડ્રાઈવર આ ટ્રક લઈને ભાવનગર મધુસિલીકા કંપનીમાં ખાલી કરવા માટે આવ્યો હતો. જે બાદ ટ્રક મધુસિલીકા કંપનીના વજન કાંટા ઉપર વજન કરવામાં આવતા ૧૨.૫૦૦ કિલોગ્રામની ઘટ આવતા ટ્રક માલિકને જાણ કરાઈ હતી.

ટ્રક માલિકે તપાસ હાથ ધરતા તેમની સાથે રૂા. ૨.૨૫ લાખની છેતરપિંડી થયાની જાણ થતાં ટ્રક માલિકે તેમની કંપનીમાં મહેતાજીનું કામ કરતો કુલદિપસિંહ જાડેજા (રહે. કર્મચારી નગર, ફુલસર, ભાવનગર) વિરૂદ્ધ વરતેજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કંપનીમાં મહેતાજીનું કામ કરતો કુલદિપસિંહ જાડેજાએ ટ્રકના ડ્રાઈવરને ટ્રક નારી ચોકડી નજીક મુકીને જતું રહેવાનું કિધું હતું. જે બાદ કુલદિપસિંહ જાડેજાએ ટ્રકને વરતેજ સિદસર ખાતે લઈ જઈ, અવાવરૂ જમીનમાં ૧૨.૫૦૦ કિલોગ્રામ, કિ.રૂા. ૨.૨૫ લાખનો કાચ ટ્રકમાંથી સેરવી લઈ ટ્રક માલિક સાથે છેતરપિંડી આચર્યાની કુલદિપસિંહ જાડેજાએ ટ્રક માલિક સમક્ષ કબૂલાત આપી હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

# મહુવાનો શખ્સ ઈંગ્લીશ દારૂના ૨૯ ચપટા સાથે ઘરેથી પકડાયો

## મહુવા પોલીસે રૂ.૯૫૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લાના મહુવા પોલીસ મથકનો કાફલો પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમીના આધારે જનતા પ્લોટમાં રહેણાકીય મકાનમાં દરોડો પાડીને વેચાણ કરવા માટે રાખેલા ઈંગ્લીશ દારૂના ૨૯ ચપટા સાથે શખ્સને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે જાણવા મળતી વિગતો પ્રમાણે ભાવનગર જિલ્લાના મહુવા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે જનતા પ્લોટ, માગં કરસનના પૂતળા પાસે પહોંચતા ખાનગી રહે બાતમી મળેલ કે જનતા પ્લોટમાં રહેતા ભાવેશ મગનભાઈ જેઠવા નામનો શખ્સ બહારથી લાવી ઈંગ્લીશ દારૂનો જથ્થો પોતાના ઘરે રાખી વેચાણ કરે છે. તે બાતમીના આધારે તેના રહેણાકીય મકાને દરોડો પાડતા શખ્સ ભાવેશ હાજર મળી આવેલ અને તલાસી લેતા ઘરમાંથી ઈંગ્લીશ દારૂના ૧૮૦ એમએલના ૨૯ ચપટા કી.રૂ.૯૫૮૦નો મુદ્દામાલ મળી આવતા જપ્ત કરેલ અને આરોપીની અટકાયત કરી આરોપી સામે પ્રોહિબિશન એક્ટ ૬૫-એ-એ, ૧૧૬-બી મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ.

# શહેરમાં મનોદિવ્યાંગ યુવતી ઉપર શખ્સે દુષ્કર્મ આચર્યું

## ભાડે રહેતઆ શખ્સે એકલતાનો લાભ લઈ પોત પ્રકાશ્યું

ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેરમાં મજુરી કરતા એક આધેડ મહિલા મજુરીએ બહાર ગયા હતા. જે દરમિયાન તેમના ઘરે એકલી રહેલી મનોદિવ્યાંગ પુત્રી ઉપર તેમના મકાનમાં ઉપરના માળે ભાડે રહેતા શખ્સે યુવતી પાસે આવી, બળબજરી કરી, યુવતી ઉપર દુષ્કર્મ આચરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પીડિત મનોદિવ્યાંગ યુવતીએ સમગ્ર વાત ઘરે પરત ફરેલી માતાને જાણ કરતા માતાના પગની નીચેથી જમીન ખસી જવા પામી હતી અને આધેડ મહિલાએ પોતાની મનોદિવ્યાંગ પુત્રીને લઈને બોરતળાવ પોલીસ મથકે પહોંચી હતી અને દુષ્કર્મી શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર શહેરમાં રહેતા એક મહિલા આધેડ મજુરીકામ ઉપર ગયા હતા. જે દરમિયાન તેમના ત્રણ દિકરા પણ ઘરેથી મજુરી કામ પર જતા રહ્યા હતા. જે વેળાએ તેમની ત્રેવીસ વર્ષિય મનોદિવ્યાંગ પુત્રી ઘરે એકલી હતી. અને તેઓ મજુરીકામ કરીને ઘરે પરત ફર્યા હતા.જે દરમિયાન તેમની મનોદિવ્યાંગ પુત્રી તેમની પાસે આવીને રડવા લાગી હતી અને પુત્રીએ માતાને જણાવ્યું હતું કે, તેમના ઘરની ઉપર ભાડે રહેતો મહેશ પિઠાભાઇ ખીમસુરીયા (રહે. પીપરાળી, તા. ઉમરાળા) વાળો તેમની પાસે આવ્યો હતો અને યુવતી સાથે બળજબરી કરી હતી અને બાદમાં પુત્રીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરી જતો રહ્યો હતો. માતાની ગેરહાજરીમાં પુત્રી સાથે દુષ્કર્મ આચરી, જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનું માતાને જણાવતા આધેડ મહિલા તેમની પુત્રીને લઈને બોરતળાવ પોલીસ મથકે પહોંચી હતી અને સમગ્ર વાત પોલીસ અધિકારીને જણાવતા પોલીસે આ મામલે આરોપી મહેશ પિઠાભાઇ ખીમસુરીયા વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધી, આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# માઢીયા નજીક ગોઝારા અકસ્માતમાં વલભીપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખનું ઘટના સ્થળે મોત

## ટેન્કર ચાલકે બાઈક ચાલકને ઠોકર મારતા બનેલો બનાવ

ભાવનગર,તા.૧૨

નારી ચોકડીથી ધોલેરા હાઈવે પર માઢીયા નજીક મોટરસાઈકલ અને ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાતાં વલભીપુરના ભાજપ અગ્રણીનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજયું હતું આ બનાવથી શોક વ્યાપી ગયો હતો.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ ધોલેરા હાઈવે પર મહાવીર સોલ્ટ પાસે બેફામ સ્પીડે આવતા કાળમુખા ટેન્કર ચાલકે મોટરસાઈકલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો જેમાં વલભીપુર ગામના વતની અને વલભીપુર નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ વનરાજભાઈ સુરેશભાઈ મેણીયાનુ ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતુ





અકસ્માતનો ભોગ બનેલા વનરાજભાઈ મેણીયા કડીયા કામ સાથે સંકળાયેલા હતા અને તેઓ પોતાના સંતાનને સારા શિક્ષણ સાથે ઉચ્ચ કારકિર્દી બને તેવા હેતુથી ભાવનગર ખાતે વસવાટ કરતા અને નિયમિત રીતે ભાવનગર થી વલભીપુર અપડાઉન કરતા હતા અલબત્ત કુદરતની કંઈક અલગ જ ગણતરી હશે કારણ કે તેની દિકરી થોડા સમય પહેલા જ ક્લાસ ટુ ઓફિસર તરીકે મામલતદાર તરીકે પસંદગી થઈ હતી અને હાલ કપડવંજ ખાતે ફરજ બજાવે છે

આ અકસ્માત પણ વિચિત્ર રીતે સર્જાયો હોવાનું જણાય છે કારણકે ટેન્કર અને મોટરસાઈકલ એક જ દિશામાં જતા હતા અને મોટરસાઈકલ ટેન્કરની નીચે ઘણી જ ઉંડાઈ સુધી ઘુસી ગયુ હતુ તેમ જાણવા મળ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)